લિંબાયતમાં દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરીને આધેડે ફાંસો ખાધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની હશરથ દગાભાઈ કદરે (52 વર્ષ) લિંબાયત વિસ્તારમાં આવેલા શાંતિનગરમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને ટેમ્પો ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મંગળવારે બપોરે હશરથભાઈ દારૂ પીને ઘરે આવ્યા ત્યારે પત્ની સાથે તેમનો ઝઘડો થતાં આ વાતનું માઠું લગાવીને હશરથે ઘરમાં હીંચકાના કડા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે લિંબાયત પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જથ્થાબંધ ગાંજો મળ્યો હોવાથી મહિલા આરોપીની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ ઓડિશાના ગંજામ જિલ્લાના રહેવાસી અને હાલ લાજપોર સેન્ટ્રલ જેલમાં બંધ ચિરસ્મિતા વિદેશી પરીડા વિરુદ્ધ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો હતો. આ કેસમાં કુલ ૨૧.૧૨૦ કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપી મહિલાએ આ કેસમાં જામીન પર છૂટવા માટે અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી દરમિયાન આરોપી પક્ષે જામીન મંજૂર કરવાની રજૂઆત કરી હતી, જ્યારે સરકારી વકીલ રાજેશ ડોબરીયાએ તપાસ અધિકારીના સોગંદનામાના આધારે અરજીનો વિરોધ કર્યો હતો. એન.ડી.પી.એસ. કોર્ટેઆરોપીની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

છાપરાભાઠામાં માનસિક બીમારીથી પીડિત મહિલાએ ઝેર પીધું

સુરતઃ અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલ રાધે રેસીડેન્સીમાં જયદીપભાઇ ખખ્ખર પરિવાર સાથે રહે છે અને કોસમેટિકની દુકાનમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જયદીપભાઈની 32 વર્ષીય પત્ની વિધિને છેલ્લા ત્રણેક વર્ષથી માનસિક બીમારી હતી. જેની દવા પણ ચાલતી હતી. જે બીમારીથી કંટાળીને વિધિએ સોમવારે રાત્રે ઘરમાં ઝેર પી લીધું હતું. વિધિને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

આંજણા ખાતે આર્થિક સંકડામણમાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ બિહારના વતની સંદીપ રામેશ્વર સહાની (22 વર્ષ) હાલમાં પર્વતપાટિયા પાસે આવેલ આંજણા ફાર્મના જયનારાયણ ઇન્ડસ્ટ્રીમાં રહેતો હતો અને ત્યાં જ સિલાઇ મશીનના ખાતામાં નોકરી કરતો હતો. આજે મધરાત્રીએ સંદીપે ખાતાની અગાસી ઉપર ખાનગી કંપનીના ટાવરના એંગલ સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. સંદીપે આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

ભેસ્તાનમાં રેલવે ટ્રેક ક્રોસ કરતો યુવક તેજસ એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતા મોત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની અજીત રામનરેશ કુરિલ (ચમાર) (17 વર્ષ) હાલમાં ભેસ્તાન વિસ્તારમાં આવેલ ગણેશનગરમાં રહેતો હતો અને તે સિદ્ધાર્થનગરની પાસે આવેલ ઇન્ડસ્ટ્રીના સંચા ખાતામાં નોકરી કરતો હતો. સોમવારે સાંજે અજીત ખાતાની પાસે ચા પીવા ગયો હતો. ત્યાંથી પરત આવતી વખતે ફોન પર વાત કરતાં કરતાં રેલવે ટ્રેક ક્રોસ કરવા જતાં તેજસ એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી ગયો હતો. જેથી તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ, તેની માતા અને એપાર્ટના. પ્રમુખનું શેર સર્ટિ. કૌભાંડ

પાર્લે પોઇન્ટના સુંદરમ એપાર્ટ.ના ફ્લેટ માલિકના અસલી શેર સર્ટિ. ખોવાઈ જતાં એપાર્ટ.ના તત્કાલિન પ્રમુખ રીન્કલ દોશીએ બોગસ સર્ટિ. બનાવ્યા.

કોંગ્રેસ પ્રમુખ દીપ નાયક, તેમની માતા દક્ષા નાયકે સરકારી કાગળોમાં આ બોગસ સર્ટિફિકેટનો ઉપયોગ કર્યો, ઉમરા પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ સુરત કોંગ્રેસના પૂર્વ કાર્યકારી પ્રમુખ, તેમની માતા અને એપાર્ટ.ના તત્કાલિન પ્રમુખ દ્વારા પોશ એરિયા ગણાતા પાર્લે પોઇન્ટ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ફ્લેટના માલિકી હક્ક સમાન શેર સર્ટિફિકેટમાં બારોબાર સહીઓ કરી નકલી દસ્તાવેજો ઊભા કરવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. એપાર્ટમેન્ટના તત્કાલીન પ્રમુખે અન્ય સભ્યોની મંજૂરી કે જાણ બહાર બોગસ ડુપ્લિકેટ શેર સર્ટિફિકેટ બનાવી આપી આખું કાવતરું રચ્યું હતું

ભીમરાડ વિસ્તારમાં આવેલા સેન્ટોસા હાઈટ્સમાં રહેતા અને બ્યુટી પાર્લરના વ્યવસાય સાથે સંકળાયેલા વર્ષાબેન જયેશભાઈ સોમપુરા (ઉ.વ. ૫૫)એ આ મામલે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર,પાર્લે પોઈન્ટ નહેરૂનગર ખાતે આવેલા સુંદરમ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર જી/૨ (૦૦૨)ના સંદર્ભે દક્ષાબેન સુરેશભાઈ નાયકે પોતાના અસલી શેર સર્ટિફિકેટ ખોવાઈ ગયા હોવાનું જણાવી ડુપ્લિકેટ સર્ટિફિકેટ મેળવવા સોસાયટીમાં અરજી કરી હતી. તે સમયે સુંદરમ એપાર્ટમેન્ટના પ્રમુખ તરીકે ફરજ બજાવતા રીન્કલબેન પરેશભાઈ દોશીએ સત્તાનો દુરુપયોગ કરીને ફરિયાદી વર્ષાબેનની કોઈ પણ મંજૂરી વિના કે તેમની જાણ બહાર, તેમની નકલી સહીઓ કરી દીધી હતી અને તારીખ ૨૦ એપ્રિલ ૨૦૦૮ના રોજ બે નકલી અને બનાવટી શેર સર્ટિફિકેટ તૈયાર કરી આપ્યા હતા.

આરોપીઓએ માત્ર બોગસ સર્ટિફિકેટ બનાવ્યા એટલું જ નહીં, પરંતુ કાયદાકીય પ્રક્રિયામાં તેનો દુરુપયોગ પણ કર્યો હતો. આરોપી દક્ષાબેન નાયક અને તેમના પુત્ર દિપ સુરેશભાઈ નાયકે આ ખોટા શેર સર્ટિફિકેટો સાચા હોવા તરીકે ઉપયોગમાં લીધા હતા. આ બંને માતા-પુત્રએ ફ્લેટની જંત્રી ભરવા માટે તેમજ સેલ્ફ ડેક્લેરેશન (સ્વ-ઘોષણાપત્ર) જેવા મહત્વના સરકારી કાગળોમાં આ બનાવટી શેર સર્ટિફિકેટો રજૂ કરી વહીવટી તંત્ર અને ફરિયાદી સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે. સમગ્ર મામલો સામે આવતા ઉમરા પોલીસે વર્ષાબેન સોમપુરાની ફરિયાદના આધારે આરોપી દક્ષાબેન સુરેશભાઈ નાયક, દિપ સુરેશભાઈ નાયક (રહે, ગોકુલ રો હાઉસ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, પાર્લેપોઈન્ટ) તથા તે સમયના નહેરૂનગર સુંદરમ એપાર્ટમેન્ટના પ્રમુખ રહેલા રીન્કલબેન પરેશભાઈ દોશી (રહે. હેપ્પી હોમ એપાર્ટમેન્ટ, સરગમ શોપિંગ સેન્ટરની બાજુમાં, પાર્લેપોઈન્ટ) સામે કાવતરું રચી બનાવટી દસ્તાવેજો ઊભા કરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

'જીમ જેહાદ' સામેની સુરત પોલીસની ફોર્મ્યુલા ઉત્તરપ્રદેશમાં પણ લાગુ કરાઈ

પો.કમિ. અનુપમસિંહ ગેહલોતના આદેશથી SOGએ બનાવેલી ગાઈડલાઈન યુપીમાં લાગુ

સુરતઃ દેશભરમાં ચકચાર જગાવનાર જીમજેહાદની સામે સુરત પોલીસે શરૂ કરેલા કડક અભિયાનથી પ્રભાવિત થઈને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ યુપીમાં સુરત પોલીસની પદ્ધતિ કડકાઈથી લાગુ કરવાનો આદેશ કર્યો છે.

સુરત શહેરમાં ચાલતા જીમમાં કેટલાક મુસ્લિમ ટ્રેનરો દ્વારા હિન્દુ નામ ધારણ કરીને જીમમાં આવતી હિન્દુ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવવામાં આવતી હોવાની ફરિયાદો ઊઠી હતી. આ ગંભીર બાબતને પગલે સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના કડક નિર્દેશ બાદ એસઓજી એક્શન મોડમાં આવી હતી. એસઓજી દ્વારા સુરત શહેરમાં 'જીમ જેહાદ' સામે એક ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં જીમ ટ્રેનરોએ પોતાની મર્યાદામાં રહીને 'શિક્ષક' જેવું જ પવિત્ર વર્તન રાખવું પડશે. જીમમાં વોઈસ રેકોર્ડિંગ સાથેના સીસીટીવી કેમેરા રાખવા, ટ્રેનરની નિમણૂક પહેલાં પોલીસ વેરિફિકેશન કરાવવું અને મહિલા-યુવતીઓને પર્સનલ મેસેજ ન કરવા જેવા કડક નિયમો લાદવામાં આવ્યા હતા. જો કોઈ ટ્રેનર ઝડપાશે તો જીમ સંચાલક સામે પણ કાર્યવાહી કરાશે.

ગાઝિયાબાદથી યુપીમાં મુહિમની શરૂઆત, યોગી ફોર્સનું હન્ટર

સુરત પોલીસની આ પ્રશંસનીય કામગીરી બાદ હવે આ મુહિમ ઉત્તર પ્રદેશ પહોંચી છે. 'જીમ જેહાદ' કે ખિલાફ યોગી સરકાર કા ફૈસલા અંતર્ગત ગાઝિયાબાદ, મિઝાપુર અને શામલી સહિત સમગ્ર યુપીમાં કાયદાનું હન્ટર ચાલ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આદેશ કર્યો છે કે હવે યુપીના તમામ જીમ ટ્રેનરોનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત રહેશે. ટ્રેનર્સે જીમમાં ફરજ દરમિયાન પોતાનું અસલી નામ દર્શાવતું ઓફિશિયલ આઇડી કાર્ડ ગળામાં પહેરવું પડશે, જેથી કોઈ ખોટી ઓળખ ઊભી ન કરી શકે. આ ઉપરાંત, જીમમાં સપ્લીમેન્ટ્સ (સપ્લિમેન્ટ્સ) કે ડાયેટની સલાહ આપનારા ટ્રેનર્સ પણ પ્રોફેશનલી સર્ટિફાઇડ હોવા જરૂરી છે.

નવી સિવિલ હોસ્પિ.માં 47 નવી વ્હીલચેર -10 સ્ટ્રેચર ફાળવાયા

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા અને સારવાર વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલા ૪૭ નવા વ્હીલચેર અને ઓક્સિજન બોટલથી સજ્જ ૧૦ અદ્યતન સ્ટ્રેચરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. તાજેતરમાં આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા હોસ્પિટલની આકસ્મિક મુલાકાત દરમિયાન દર્દીઓ માટે વ્હીલચેર અને સ્ટ્રેચરની અછત સહિતની સમસ્યાઓ ધ્યાનમાં આવતાં પગલા લેવાયા છે. હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ૨૪ કલાક માટે ૧૦ નવા ઓક્સિજનયુક્ત સ્ટ્રેચર અને ૪૭ વ્હીલચેર ઉપલબ્ધ રહેશે. નવા સાધનો ઈન્ચાર્જ તબીબી અધિક્ષક ડો.પારૂલ વડગામા, આર.એમ.ઓ. ડો.કેતન નાયક, આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિન્ટેડન્ટ ઈકબાલ કડીવાલા, નર્સિંગ સુપ્રિન્ટેડન્ટ નિરજા પટેલ, ડો.લક્ષ્મણ તેહલાની, ડો.વિનોદ વાર્લેકર, ડો.ભરત પટેલ, ડો.ભરત ચાવડા તથા હોસ્પિટલના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને નર્સિંગ સ્ટાફની ઉપસ્થિતિમાં વોર્ડ હેડ નર્સને સોંપવામાં આવ્યા હતા.

અડાજણના સ્ટાર બજારનો બંધ રસ્તો એક તરફથી આજથી ખુલ્લો

મેટ્રોની કામગીરીના કારણે છેલ્લા કેટલાય સમયથી અડાજણના સ્ટાર બજારથી ટીજીબીમે જોડતો માર્ગ બંધ હતો. જેના કારણે વાહનચાલકોને પાલ રોડ રાજહંસ સિનેમા સુધી ફેરવો પડી રહ્યો છે. તે જ રીતે એલ.પી. સવાણી રોડથી કેબલ સ્ટેઈડ બ્રિજ પર જવા માટે અડાજણ ગામ થઈ જવાનો વારો આવતો હતો, જો કે હવે બંધ કરાયેલા માર્ગનો એક સાઈડનો માર્ગ ખુલ્લો મૂકવામાં આવી રહ્યો છે. જેના લઈ વિસ્તારના લોકો રાહતની લાગણી અનુવશે. (તસવીરઃ હેમંત ડેરે)

૧૩ વર્ષની સગીરાને ભગાડી ચુંબન કરનાર સામે 'પોકસો'

ભેસ્તાનમાં રહેતો સચીન જાવા સગીરાને લઈને જયપુર ગયા બાદ બીજા જ દિવસે સગીરા ઘરે આવી ગઈ હતી

સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં પડોશમાં જ રહેતા એક યુવક દ્વારા ૧૩ વર્ષની માસૂમ સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવા તેમજ તેની જાતીય સતામણી કરવાનો સળગતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભેસ્તાન વિસ્તારમાં રહેતી પીડિતાના પરિવારે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે,ગત ૧૧ જૂનના રોજ સાંજના પાંચેક વાગ્યે તેમની ૧૩ વર્ષીય સગીર દીકરી અચાનક ભેદી સંજોગોમાં ગુમ થઈ ગઈ હતી. પરિવારે તપાસ કરતા ચોંકાવનારી હકીકત સામે આવી હતી કે, પડોશની જ બિલ્ડિંગમાં રહેતો સચીન બુદ્ધારામ જાવા નામનો શખ્સ સગીરાને લલચાવી-ફોસલાવી અને લગ્ન કરવાની ખોટી લાલચ આપી વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો. આરોપી સચીન સગીરાને સુરતથી છેક જયપુર તરફ લઈ ગયો હતો. ત્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ તેના હોઠ પર ચુંબન કરી જાતીય શોષણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ઘટનાના બીજા જ દિવસે સગીરા કોઈક રીતે સુરત પરત આવી ગઈ હતી. માસૂમે ઘર ભેગા થઈ પરિવારને પોતાની સાથે ઘટેલી આપવીતી જણાવતા .પરિવાર તાત્કાલિક માસૂમ દીકરીને લઈને ભેસ્તાન પોલીસ મથકે પહોંચ્યો હતો.

સેટિંગ?: ભાજપના નેતાના પતરા તોડ્યા બાદ મનપાએ પરત કર્યા

સિંગણપોરમાં ભાજપના નેતા બાબુ જેબલિયાનું પતરાનું બાંધકામ મનપાએ તોડ્યા બાદ યુ-ટર્ન

ફરિયાદ કરનારને જ મનપાની નોટિસ

ગેરકાયદેસર બાંધકામ અંગે ફરિયાદ કરનાર કિરણ પી. સુમરાને જ સુરત મહાનગરપાલિકાએ બિનઅધિકૃત દબાણ-બાંધકામ બાબતે નોટિસ ફટકારી હોવાનું સામે આવ્યું છે. નોર્થ ઝોન (કતારગામ) દ્વારા 4 જૂન, 2026ના રોજ કિરણ સુમરાને નોટિસ પાઠવવામાં આવી હતી. જેના કારણે ફરિયાદી સામે જ કાર્યવાહી થવાના મુદ્દે પણ ચર્ચા શરૂ થઈ છે અને મનપાની ભૂમિકા અંગે સવાલો ઊભા થયા છે.

સુરત : સિંગણપોર ગામ સ્થિત કૃપા રેસિડેન્સીના ફ્લેટ નં.104 ખાતે થયેલા ગેરકાયદેસર પતરાના બાંધકામને મનપાના કતારગામ ઝોનની ટીમે તોડી તેનો સામાન સરકારી વાહનમાં ભરી જપ્ત કર્યો હતો. જો કે આ પતરા હટાવ્યા બાદ મનપાની ગાડીમાં બે કલાકમાં પાછા મુકી જવાતા વિવાદ થયો હતો. જે ફ્લેટમાં કાર્યવાહી થઈ હતી તે ભાજપ કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી બાબુ જેબલિયાના નામે હોવાનું કહેવાય છે. જોકે ફ્લેટ હાલમાં ભાડે અપાયેલો હોવાનું

જાણવા મળ્યું છે. વિવાદ એટલે થયો કે બપોરે 1:33 કલાકે જપ્ત કરેલો સામાન લઈ ગયેલી મનપાની ગાડી સાંજે 3:24 કલાકે માત્ર 1 કલાક 51 મિનિટ બાદ ફરી સ્થળ પર પહોંચી હતી અને તે જ પતરા પાછા ઉતારી મૂક્યા હતા. ઘટનાને લઈ સ્થાનિકોમાં આશ્ચર્ય ફેલાયું છે. જો કે મનપાના તંત્ર દ્વારા સતાવાર ખુલાસો કરીને નિયમ મુજબ વહીવટી ચાર્જ ભરી દેવાતા પતરા પરત કરાયા હોવાનું જણાવાયું છે. પરંતુ મનપાની ગાડીમાં પતરા પરત કરાયા તે બાબતે આક્ષેપો ઉઠી રહ્યા છે.

જુની સબજેલ સામેના ગવર્મેન્ટ ક્વાર્ટર્સમાં લિફ્ટ ખોટકાતા માતા અને બે બાળકો ફસાયા

સુરતઃ રિંગરોડ સ્થિત સબજેલની સામે આવેલા ગવર્મેન્ટ ક્વાર્ટર્સમાં રહેતા જ્યોત્સનાબેન ચૌધરી પોતાના બે બાળકો, 7 વર્ષીય અર્થવ અને 12 વર્ષીય મોક્ષ સાથે લિફ્ટમાં હતા ત્યારે લિફ્ટ વચ્ચે જ બંધ પડી ગઈ હતી. લિફ્ટ શરૂ ન થતાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.નવસારી બજાર ફાયર બ્રિગેડની ટીમ જરૂરી સાધનો સાથે સ્થળ પર પહોંચી હતી. જોકે ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં જ લિફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયરો પણ સ્થળે આવી પહોંચ્યા હતા. તેમણે તકેદારીપૂર્વક લિફ્ટનો દરવાજો ખોલી અંદર ફસાયેલા જ્યોત્સનાબેન અને બંને બાળકોને સલામત રીતે બહાર કાઢ્યા હતા.

હોસ્પિ.ને બદનામ કરનાર પત્રકાર વંદન ભાદાણી સહિત બે સામે ગુનો નોંધાયો

યોગીચોકની અક્ષર અને લાડલી હોસ્પિ. ને વંદન ભાદાણીએ સોશિયલ મીડિયા પર બદનામ કરી હતી

સુરતઃ યોગીચોક વિસ્તારમાં આવેલી જાણીતી અક્ષર અને લાડલી હોસ્પિટલોને સોશિયલ મીડિયા પર બદનામ કરી તબીબી વ્યવસાયની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ફરિયાદ અનુસાર, સરથાણા સ્થિત મારુતિધામ બંગલોઝમાં રહેતા જતિન જાધવભાઈ શિરોયાની પત્નીએ લાડલી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. સારવારનું કુલ બિલ રૂ. ૨૭ હજાર થયું હતું. જતિન શિરોયાએ ડિસ્કાઉન્ટની માંગણી કરતા હોસ્પિટલે માનવતાના ધોરણે રૂ. ૪,૫૦૦ની રાહત આપીને રૂ. ૨૨,૫૦૦નું બિલ વસૂલ્યું હતું. તેમ છતાં વધુ ડિસ્કાઉન્ટ ન મળતા જતિન શિરોયા હોસ્પિટલમાં ઉશ્કેરાયા હતા અને દર્દીઓની હાજરીમાં ડૉક્ટરોને ગાળો ભાંડી હતી.

ઉપરાંત, હોસ્પિટલ એક દિવસના રૂ. ૪૫ હજાર વસૂલતી હોવાનો આક્ષેપ કરતો વીડિયો પણ બનાવ્યો હતો. આ વીડિયો બાદમાં જતિન શિરોયાએ 'Trishul News Surat'ના સંચાલક વંદનકુમાર ધીરજભાઈ ભાદાણી(રહે.પંચવટી સોસાયટી, સિંગણપોર)ને આપ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેથી વંદન ભાદાણીએ હકીકતોની ચકાસણી કર્યા વિના ડૉક્ટરોના ફોટા કટ-પેસ્ટ કરીને વીડિયો અને પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા.

વધુમાં, આ વીડિયો ડિલીટ કરવાના બદલામાં ડૉ. ચેતન ચોવટીયા પાસે સારવારના પૈસા પરત આપવાની માંગણી કરી હતી.જે બાદ લાંબા સમય સુધી વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ વીડિયો અને પોસ્ટ પ્રસારિત થતાં અક્ષર હોસ્પિટલ અને તબીબી વ્યવસાયની પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન પહોંચ્યું હતું. આખરે ડૉ. મનોજભાઈ પ્રાગજીભાઈ પટેલે (રહે.સર્જન હાઈટ્સ એપાર્ટમેન્ટ, ડભોલી ગામ, સિંગણપોર) સરથાણા પોલીસમાં જતિન જાધવભાઈ શિરોયા અને વંદનકુમાર ધીરજભાઈ ભાદાણી સામે પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની ફરિયાદ નોંધાવી હતી.

લૂંટ અને હત્યા કર્યા બાદ ૧૭ વર્ષ સુધી ફરારના જામીન નકારાયા

ડ્રાઈવર તરીકે નોકરી કરતાં અશોક સવાણીએ અન્યો સાથે મળીને ચોકીદારની હત્યા કરી અને દંપતીને ઈજા કરી લાખની લૂંટ કરી હતી

સુરત : વર્ષ 2007ના હત્યા અને લૂંટના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપી નરેશ ઉર્ફે નિર્મલ કોરવર કેસરિમલજી રાવલની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આ કેસની હકીકત મુજબ અરજદાર આરોપી ફરિયાદી અશોકભાઈ અમૃતલાલ સવાણી પાસે ડ્રાઇવર તરીકે કામ કરતો હતો. આરોપ છે કે તેણે અન્ય સહઆરોપીઓ સાથે મળીને પૂર્વયોજિત ષડયંત્ર રચી ફરિયાદીના ઘરે ઘસી જઈ ચોકીદાર બંસી ખાલી બડાતિયાની ગળામાં છરીના ઘા મારી હત્યા કરી અને ફરિયાદી દંપતિને ઈજા કરી લૂંટ કરી હતી. જામીનમાં રાજ્ય સરકાર તરફથી એપીપી રાજેશ ડોબરીયાએ દલીલ કરી હતી કે અરજદારે ફરિયાદીના ઘરની અગાઉથી રેકી કરીને ગંભીર ગુનાને અંજામ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જામીન મળ્યે પુરાવાઓ સાથે ચેડાં થવાની શક્યતા રહેલી હોવાથી અરજી નામંજૂર કરવી.

કોર્ટે નોંધ્યું હતું કે કેસના દસ્તાવેજો અને તપાસ અધિકારીના સોગંદનામામાં અરજદારની પ્રાથમિક સંડોવણી દેખાઈ આવે છે. વધુમાં અરજદાર ગુનો બન્યા બાદ ૧૭ વર્ષથી વધુ સમય સુધી ફરાર રહ્યો હતો. કોર્ટે હત્યા અને લૂંટ જેવા ગંભીર ગુનાની ગંભીરતા, આરોપીની ભૂમિકા તેમજ લાંબા સમય સુધી ફરાર રહેવાના પાસાઓને ધ્યાનમાં રાખી જામીન અરજી ફગાવી દીધી હતી.

ઇમ્પેક્ટની મુદતમાં 6 માસનો વધારો સુરતમાં માત્ર 8,526 અરજી મંજૂર

17 જૂને પૂર્ણ થનારી સમયમર્યાદા લંબાવાઈ; અત્યાર સુધી માત્ર 8,526 અરજીઓ મંજૂર, 18,660 અરજી નામંજૂર

ઝોનવાર નોંધાયેલી અરજીઓ

* વરાછા ઝોન - 7,980 અરજી
* સરથાણા ઝોન - 7,491 અરજી
* કતારગામ ઝોન - 5,945 અરજી
* રાંદેર ઝોન - 3,924 અરજી
* સેન્ટ્રલ ઝોન - 3,662 અરજી
* લિંબાયત ઝોન - 3,158 અરજી
* અઠવા ઝોન - 2,697 અરજી
* ઉધના ઝોન - 1,367 અરજી
* સચીન ઝોન - 914 અરજી
* મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગ - 71 અરજી

સુરતઃ ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિયમિતકરણ અધિનિયમ-2022 (GRUDA Act) હેઠળ અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાની સમયમર્યાદા રાજ્ય સરકારે વધુ છ મહિના માટે લંબાવી છે. 17 જૂને પૂર્ણ થનારી અવધિ હવે આગામી છ મહિના સુધી વધારવામાં આવતા મિલકતધારકોને ઇમ્પેક્ટ ફી ભરી પોતાના અનઅધિકૃત બાંધકામને કાયદેસર કરાવવાની વધુ એક તક મળી છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આ કાયદા હેઠળ અત્યાર સુધી કુલ 37,209 અરજી નોંધાઈ છે. તેમાંથી 8,526 અરજીને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે 18,660 અરજી નામંજૂર કરવામાં આવી છે. હજુ પણ 10,023 અરજી વિવિધ તબક્કે વિચારાધીન હોવાથી અરજદારો અંતિમ નિર્ણયની રાહ જોઈ રહ્યા છે. ઓનલાઇન મળેલી 6,707 અરજીમાંથી 4,722 અરજી નામંજૂર કરવામાં આવી છે. જ્યારે ઓફલાઇન પ્રાપ્ત થયેલી 30,502 અરજીમાંથી 7,238 અરજી મંજૂર અને 13,938 અરજી નામંજૂર કરવામાં આવી છે. મોટી સંખ્યામાં અરજીઓ દસ્તાવેજી ખામીઓ અને નિયમોની જોગવાઈઓ પૂર્ણ ન થવાને કારણે ફગાવી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. રાજ્ય સરકાર દ્વારા સમયમર્યાદા વધારવામાં આવતા આગામી મહિનાઓમાં નવી અરજીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉર્દુના ધો.9ના વર્ગો શરૂ કરવા વિદ્યાર્થીઓનો મનપાએ દેખાવ

ધોરણ-8 બાદ હજારો વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહેતા હોવાનો આક્ષેપ

સુરત : મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળામાં ધોરણ-9ના ઉર્દુ માધ્યમના વર્ગો શરૂ કરવાની માંગ સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓએ મનપા કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી કે ધોરણ-8 પૂર્ણ કર્યા બાદ ઉર્દુ માધ્યમમાં આગળ અભ્યાસ કરવાની પૂરતી વ્યવસ્થા ન હોવાથી અનેક વિદ્યાર્થીઓના શિક્ષણ પર પ્રશ્નચિહ્ન ઊભો થયો છે.કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ મ્યુનિસિપલ કમિશનરને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે લિંબાયત ઝોનના માન દરવાજા, ઉમરવાડા, ભાઠેના, આંજણા, ડુંભાલ, મીઠીખાડી તેમજ ઉધના ઝોનના ભેસ્તાન આવાસ અને ઉન જેવા વિસ્તારોમાં લઘુમતી સમાજની મોટી વસ્તી વસે છે. અહીં મનપા સંચાલિત ઉર્દુ માધ્યમની પ્રાથમિક શાળાઓ કાર્યરત છે, પરંતુ તેમાં માત્ર ધોરણ 1થી 8 સુધી જ શિક્ષણ આપવામાં આવે છે.

તેમણે જણાવ્યું કે આ વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 28 શાળાઓમાંથી અંદાજે 2400 વિદ્યાર્થીઓ ધોરણ-8 પાસ થયા છે. જ્યારે ખટોદરા સ્થિત સુમન શાળામાં છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર 210 વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળ્યો છે. ગરીબ અને શ્રમિક પરિવારોના વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરી શકતા નથી. તેથી ઉમરવાડા, મીઠીખાડી-લિંબાયત અને ઉન વિસ્તારમાં ધોરણ 9થી 12 સુધીની ઉર્દુ માધ્યમની શાળાઓ શરૂ કરવાની માંગ ઉઠી છે.